## ગ્રામજનોની ઢગલાબંધ ફરિયાદો છે ત્યારે અધિકારીઓ જાતે સ્થળ તપાસ કરી ઝેર ઓકતી ફેક્ટરીઓને તાળા મારે તેવી લોક માગણી

# ટુંડાવ ગામમાં ‘પાણી નથી, ઝેર છે!’

## પ્રદૂષણ ફેલાવતી કંપનીઓ સામે કલેક્ટર અને જીપીસીબી ક્યારે લેશે એક્શન?

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના ટુંડાવ ગામે માનવ સ્વાસ્થ્ય અને પર્યાવરણ સાથે ખુલ્લેઆમ ખીલવાડ થતો હોવાની એક ચોંકાવનારી અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. એક સમયે જે તળાવમાં આખું ગામ પીવાલાયક શુદ્ધ પાણી મેળવતું હતું, આજે આસપાસની બેફામ બનેલી કેમિકલ કંપનીઓએ તેમાં ઝેરી રસાયણો ઠાલવીને તેની એવી દયનીય સ્થિતિ કરી મૂકી છે કે પશુ-પંખી પણ આ પાણી પી શકે તેમ નથી.

સ્થાનિક ગ્રામજનોના જણાવ્યા અનુસાર, પ્રદૂષણની આ માત્રા માત્ર તળાવ પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ કેમિકલ ભૂગર્ભ જળમાં પણ ઉતરી ગયું છે. ગામમાં ગમે ત્યાં બોરિંગ કરવામાં આવે તો તેમાંથી પાણીના બદલે કેમિકલયુક્ત ઝેરી પાણી નીકળે છે. મજબૂરીવશ આ દૂષિત પાણી પીવાના કારણે ગામના માસૂમ બાળકો અને સિનિયર સિટીઝનો ગંભીર બીમારીઓનો ભોગ બની રહ્યા છે.


ગામના લોકો જ્યારે પણ કંપનીના મેનેજમેન્ટ સામે વિરોધ કરવા જાય છે, ત્યારે કંપનીઓ પોતાની વગ વાપરીને પોલીસ તંત્ર પાસે ગ્રામજનો પર જ ખોટી ફરિયાદો કરાવે છે. પરિણામે અવાજ ઉઠાવનારા નિર્દોષ લોકોને ૧૫ થી ૪૫ દિવસ સુધી જેલના સળિયા ગણવા પડે છે. પોલીસના આ ડરના કારણે હવે કોઈ મોઢું ખોલવા તૈયાર નથી.




ચૂંટણી સમયે જે સરપંચે પ્રદૂષણ ફેલાવતી કંપનીઓ બંધ કરાવવાના ૧૦૦ ટકા વાયદા કર્યા હતા, તે સરપંચ ચૂંટણી જીત્યા બાદ કંપનીની મુલાકાતે ગયા હતા. ત્યાંથી બહાર આવ્યા પછી તેમના સૂર બદલાઈ ગયા. આ અંગે સરપંચને ફોન કર્યો ત્યારે તેમણે અત્યંત બિનજવાબદાર નિવેદન આપતા કહ્યું કે, “કંપની ખોટું કરે છે એ બધાને ખબર છે, પણ અમે ને તમે શું કરી શકવાના?” એક ગામના વડાના આવા લાચાર અને શંકાસ્પદ જવાબે તંત્રની મિલીભગત ખુલ્લી પાડી દીધી છે.

### ટુંડાવના તળાવમાંથી પશું પણ પીતા નથી







ટુંડાવ ગામમાં આવેલા તળાવો, કૂવા તેમજ બોરિંગમાંથી શુદ્ધ પાણીના બદલે કેમિકલયુક્ત દૂષિત અને ગંધ મારતું પાણી નીકળતા ગ્રામજનો અને પશુઓ રોગચાળાના ભોગ બની રહ્યા છે. (તસવીર :રણજીત સૂર્વે)

### ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારી કુંભકર્ણની નિદ્રામાં અને એસી કેબિનનો મોહ

આ ગંભીર પરિસ્થિતિ માત્ર ટુંડાવ પૂરતી સીમિત નથી, સાવલીથી થોડે દૂર સમલાયા ગામમાં તો કૂવાઓમાંથી પણ લાલ રંગનું ઝેરી પાણી નીકળી રહ્યું છે. આ મામલે જ્યારે GPCB (ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ) ના ઉચ્ચ અધિકારી માર્ગીબેન પટેલનો સંપર્ક કરવામાં આવ્યો, ત્યારે તેમણે એક જ જૂની કેસેટ વગાડી હતી કે, તેમણે કહ્યું હતું કે હું એક કાર્યક્રમમાં છું, હાલ હું વાત કરી શકું તેમ નથી. ફ્રી થઈને તમારી જોડે વાત કરીશે.” સ્થાનિકોનો આક્ષેપ છે કે મોટા અધિકારીઓ એસી કેબિનમાંથી બહાર નીકળતા નથી. જો જીપીસીબી અને કલેક્ટર કોઈની ફરિયાદની રાહ જોયા વગર જાતે સ્થળ તપાસ સરપ્રાઈઝ વિઝીટ કરે તો આ ઝેર ઓકતી કંપનીઓને તાળા વાગી શકે તેમ છે, પરંતુ અધિકારીઓને ઈમાનદારીથી કામ કરવામાં કોઈ રસ ન હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

### કેમિકલ માફિયાઓનું સામ્રાજ્ય: પ્રદૂષણ કે મોતનું તાંડવ?

ટુંડાવ અને સમલાયા ગામની વર્તમાન પરિસ્થિતિ એ પર્યાવરણીય કટોકટી સમાન છે. પીવાના પાણીના મુખ્ય સ્ત્રોત એવા તળાવ અને કૂવાઓ આજે ઝેરના ભંડાર બની ગયા છે. ઉદ્યોગોના નફા સામે સામાન્ય માણસના જીવની કોઈ કિંમત નથી રહી. જો કલેક્ટર અને ઉચ્ચ પ્રદૂષણ નિયંત્રણ અધિકારીઓ પોતાની નૈતિક ફરજ સમજીને આ ઝેર ઓકતી કંપનીઓ સામે કડક કાનૂની કાર્યવાહી અને દંડ નહીં ફટકારે, તો આગામી દિવસોમાં આ વિસ્તારમાં મોટી માનવ હોનારત સર્જાશે એ નક્કી છે. હવે જોવાનું એ રહે છે કે તંત્ર જાગે છે કે પછી જનતાને મરવા માટે છોડી દેવાય છે?

### રાંધવા કે પીવા માટે ચોખ્ખુ પાણી રહ્યું જ નથી

અમારા નાના-નાના બાળકો આ પાણી પીને સતત બીમાર રહે છે. ઘરમાં રાંધવા કે પીવા માટે ચોખ્ખું પાણી રહ્યું જ નથી. બોરિંગ ચાલુ કરીએ તોય કેમિકલવાળી વાસ મારે છે. અમે નેતાઓને આ બધું બંધ કરાવવા વોટ આપ્યા હતા, પણ સરપંચ પોતે જ કંપનીવાળાઓના ખોળામાં બેસી ગયા છે. અમારે જીવવું કઈ રીતે?

– **ઈમરાન સૈયદ,** સ્થાનિક, ટુંડાવ ગામ

### કંપની સામે અવાજ ઉઠાવીએ એટલે પોલીસનો ડર

કંપનીઓ સામે અવાજ ઉઠાવીએ તો પોલીસ અમને જ પકડીને જેલમાં નાખી દે છે. ૧૫ દિવસ સુધી જેલમાં રાખે એટલે કોઈ બોલવા તૈયાર નથી થતું. જીપીસીબીના અધિકારીઓ ગાંધીનગર અને વડોદરા એસી ઓફિસોમાં બેસીને પગાર ખાય છે, આ પાણી પી જુએ તો ખબર પડે. કૂવામાં લાલ પાણી નીકળે છે, આ પ્રદૂષણ નથી તો શું છે? સરપંચ અને અધિકારીઓની મિલીભગતથી અમારું આખું ગામ બરબાદ થઈ રહ્યું છે.

– **સમીર રાઠોડ,** સ્થાનિક યુવાન ટુંડાવ ગામ

---

## કાગળ પર દોડતી કરોડોની ટેકનોલોજી વાસ્તવિકતામાં સુપર ફ્લોપ

# ચાર દિવસમાં શહેરમાં છ સ્થળે લાઈનો તૂટી, લાખો લિટર પાણીનો વેડફાટ

**રિયા** કન્સ્ટ્રક્શનના ઈજારા છતાં લીકેજ યથાવત, જીઆઈએસ સિસ્ટમની અસરકારકતા સામે પ્રશ્નો



(પ્રતિનિધિ) વડોદરા, તા. 1

વડોદરા શહેરમાં એક તરફ પીવાના પાણીની તંગી વચ્ચે બીજી તરફ પાણીની મુખ્ય લાઈનોમાં વારંવાર ભંગાણ સર્જાતા લાખો લિટર શુદ્ધ પાણી વેડફાઈ રહ્યું છે. છેલ્લા ચાર દિવસમાં શહેરના વિવિધ વિસ્તારોમાં છ સ્થળે પાણીની લાઈનો તૂટતાં રસ્તાઓ પર પાણી ફરી વળ્યું હતું. આ સ્થિતિને લઈને સ્થાનિકોમાં પાલિકા તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

તાજેતરની ઘટના સયાજીપુરાની મણીભાઈ પાર્ક સોસાયટીમાં બની હતી, જ્યાં મુખ્ય પાણીની લાઈનમાં લીકેજ સર્જાતા હજારો લિટર પાણી રસ્તા અને ગટરોમાં વહી ગયું હતું. સ્થાનિકોએ વોર્ડ નં. 4 કચેરીમાં ઓનલાઈન ફરિયાદ નોંધાવી હોવા છતાં સમયસર કાર્યવાહી ન થતાં અસંતોષ વ્યક્ત કર્યો હતો. બાદમાં જેસીબીની મદદથી ખોદકામ કરી સમારકામ હાથ ધરાયું હતું. વડોદરા મહાનગરપાલિકાએ પાણીના લીકેજની ઝડપી ઓળખ માટે કરોડો રૂપિયાના ખર્ચે જીઆઈએસ સિસ્ટમ અમલમાં મૂકી હોવા છતાં વારંવાર થતા ભંગાણો તેની અસરકારકતા સામે પ્રશ્નો ઉભા કરી રહ્યા છે. પાણીની લાઈનોના સમારકામનો વાર્ષિક ઈજારો ધરાવતી રિયા કન્સ્ટ્રક્શન હોવા છતાં સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો નથી. નાગરિકોએ પાણીના બગાડને રોકવા અને જવાબદાર અધિકારીઓ તથા કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

---

## સમયસર દુકાન ન ખુલતી હોવાના આક્ષેપ, અનેક પરિવારો હક્કના અનાજથી વંચિત

# કમલાનગરની સસ્તા અનાજની દુકાન સામે મનમાનીના આક્ષેપ, લાભાર્થીઓમાં ભારે રોષ

**લાયસન્સ** રદ કરી નિષ્પક્ષ તપાસની માંગ, સંચાલકના દાવાને સ્થાનિકોએ ફગાવ્યો



(પ્રતિનિધિ) વડોદરા, તા. 1

વડોદરા શહેરના આજવા રોડ પર કમલાનગર નજીક આવેલી સરકારી સસ્તા અનાજની દુકાનના સંચાલક સામે મનમાની અને અનિયમિતતાના ગંભીર આક્ષેપો ઉઠતાં સ્થાનિક કાર્ડધારકોમાં ભારે રોષ ફેલાયો છે. લાભાર્થીઓના જણાવ્યા મુજબ સરકાર દ્વારા ફાળવવામાં આવતું રાશન નિયમિત રીતે વિતરણ થતું નથી અને હક્કનું અનાજ મેળવવા માટે ગરીબો તથા શ્રમિકોને વારંવાર ધક્કા ખાવા પડે છે.

સ્થાનિક મહિલાઓએ આક્ષેપ કર્યો છે કે દુકાન નિયત સમય મુજબ ખુલતી નથી અને સંચાલક પોતાની મરજી મુજબ માત્ર થોડા સમય માટે જ દુકાન ખોલે છે. પરિણામે નોકરી-ધંધે જતા શ્રમિકો અને મહિલાઓને રાશન લીધા વિના પરત ફરવું પડે છે. કેટલાક લાભાર્થીઓએ જણાવ્યું કે છેલ્લા બે-ત્રણ મહિનાથી તેમને અનાજ મળ્યું નથી. રજૂઆત કરવા છતાં સંચાલક દ્વારા અનાજ આપવાનો ઈન્કાર કરવામાં આવે છે અને દુકાન બંધ હોવાના વીડિયો કે ફોટા જેવા પુરાવા માંગવામાં આવે છે.

બીજી તરફ દુકાનના મહિલા સંચાલકે દાવો કર્યો હતો કે દુકાન સવારે અને સાંજે નિયમિત સમય દરમિયાન ખુલ્લી રહે છે. જોકે સ્થળ પર હાજર સ્થાનિકોએ આ દાવાને નકારી કાઢતાં જણાવ્યું હતું કે લાંબા સમયથી સાંજે દુકાન ખુલતી જ નથી.

સ્થાનિક કાર્ડધારકોએ પુરવઠા વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર સમક્ષ સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરી છે. તપાસમાં ગેરરીતિ અથવા અનાજના વિતરણમાં અનિયમિતતા સાબિત થાય તો દુકાનનું લાયસન્સ રદ કરી જવાબદારો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

---

# ધરતી એસો. છેતરપિંડી કેસમાં બે આરોપીઓની આગોતરા ફગાવાઈ

**બોગસ** દસ્તાવેજો અને રૂ. ૪.૭૫ કરોડના ગેરકાયદે સોદાના પ્રાથમિક પુરાવા મજબૂત હોવાનું કોર્ટનું અવલોકન

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરાના બહુચર્ચિત ધરતી એસોસિએટ્સ છેતરપિંડી કેસમાં કોર્ટે બે આરોપીઓની આગોતરા જામીન અરજી નામંજૂર કરી છે. કેસમાં પ્રથમ દ્રષ્ટિએ ગંભીર અને મજબૂત પુરાવા સામે આવતા કોર્ટે આરોપીઓને રાહત આપવાનો ઈનકાર કર્યો હતો. ધરતી એસોસિએટ્સના ભાગીદારે 11 વ્યક્તિઓ સામે ખોટી સહીઓ, નકલી સિક્કા, લેટરપેડ અને ઓથોરિટી લેટરના આધારે બોગસ વેચાણ દસ્તાવેજો તૈયાર કરી છેતરપિંડી કરવાનો ગુનો નોંધાવ્યો છે. પોલીસ તપાસમાં HDFC બેંકની તરસાલી શાખામાં પેઢીના નામે બોગસ ખાતું ખોલાવી આશરે રૂ. 4.75 કરોડના ફ્લેટોના ગેરકાયદે સોદા કરવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. અસ્તિત્વમાં ન હોય તેવા ફ્લેટોના વેચાણ દસ્તાવેજો બનાવી ખરીદદારો સાથે છેતરપિંડી કરાઈ હોવાનો પણ આક્ષેપ છે. સરકારી વકીલે કોર્ટમાં રજૂઆત કરી હતી કે આરોપીઓએ પૂર્વયોજિત કાવતરું રચી ગુનો આચર્યો હતો. પોલીસના સોગંદનામા અને ફરિયાદીના વાંધાઓને આધારે કોર્ટે આરોપીઓની સંડોવણી પ્રથમ દ્રષ્ટિએ સ્થાપિત થતી હોવાનું નોંધતાં બંને આરોપીઓની આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી. કેસની ગંભીરતા, આર્થિક વ્યવહારોની જટિલતા અને વધુ તપાસની જરૂરિયાતને ધ્યાનમાં રાખી કોર્ટે જામીન આપવાનો ઈનકાર કર્યો હતો. **આરોપીઓની કસ્ટોડિયલ પૂછપરછ જરૂરી હોવાનું પણ સરકારી પક્ષે કોર્ટ સમક્ષ રજૂ કરતાં તપાસને વધુ વેગ મળવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.** પોલીસે સમગ્ર કૌભાંડમાં સંડોવાયેલા અન્ય આરોપીઓની ભૂમિકાની વધુ તપાસ શરૂ કરી છે.

---

# પ્રોહિબિશનના વોન્ટેડ આરોપી મોહન શેખાવત ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 1

વડોદરા શહેર પોલીસની PCB ટીમે પ્રોહિબિશનના ગુનાઓમાં વોન્ટેડ આરોપી મોહનસીંગ ઉર્ફે મોહન મારવાડી (શેખાવત)ની ધરપકડ કરી છે. આરોપી ગોત્રી પોલીસ સ્ટેશન અને વડોદરા ગ્રામ્ય તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાઓમાં ફરાર હતો. પોલીસ કમિશ્નરના માર્ગદર્શન હેઠળ ચાલતા અભિયાન દરમિયાન બાતમીના આધારે PCB ટીમે ગોરવાના કરોડીયા-બાજવા રોડ વિસ્તારમાંથી તેને ઝડપી પાડ્યો હતો. આરોપીને કાયદેસરની કાર્યવાહી બાદ વધુ તપાસ માટે ગોત્રી પોલીસને સોંપવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા મુજબ આરોપી સામે વડોદરા શહેર, ગ્રામ્ય, દાહોદ અને મહિસાગર જિલ્લામાં પ્રોહિબિશન એક્ટ હેઠળ કુલ 12 ગુનાઓ નોંધાયેલા છે. ઉપરાંત તેની સામે બે વખત પાસા હેઠળ પણ કાર્યવાહી થઈ ચૂકી છે. આરોપીની ધરપકડથી ગોત્રી અને તાલુકા પોલીસના બે બાકી ગુનાઓનો ભેદ ઉકેલાશે તેવી શક્યતા વ્યક્ત કરાઈ છે. હાલ પોલીસે વધુ પૂછપરછ શરૂ કરી છે.

---

## ૫ વર્ષથી એક જ જગ્યાએ ફરજ બજાવતા જવાનો સહિતનાની બદલી

# વડોદરા ગ્રામ્ય પોલીસ વિભાગમાંથી ૨૭૯ કર્મચારીઓની આંતરિક બદલી

**પોલીસ** અધિક્ષક સુશીલ અગ્રવાલે બદલીના આદેશ કરતા ઘણા કર્મચારીઓમાં ‘કહીં ખુશી કહી ગમ’નો માહોલ

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા ગ્રામ્ય પોલીસ વિભાગમાં પોલીસ અધિક્ષક દ્વારા મોટા પાયે આંતરિક બદલીના આદેશો કરવામાં આવ્યા છે. એક જ સ્થળે પાંચ વર્ષથી વધુ સમયથી ફરજ બજાવતા તેવા સહિતના 279 પોલીસ કર્મચારીઓની બદલી કરવામાં આવતા સમગ્ર પોલીસ બેડામાં ચર્ચાનો માહોલ જામ્યો છે. આ બદલીઓ બાદ કેટલાક કર્મચારીઓને પોલીસ સ્ટેશન અને એજન્સીમાં નવી જવાબદારી મળતાં ખુશી જોવા મળી રહી છે, જ્યારે કેટલાકને પોલીસ સ્ટેશનમાંથી ટ્રાફિક, રિઝર્વ, કંટ્રોલ રૂમ અને અન્ય શાખાઓમાં મુકાતા નારાજગી પણ વ્યક્ત થઈ રહી છે.

વડોદરા ગ્રામ્ય પોલીસ વિભાગમાં લાંબા સમયથી એક જ જગ્યાએ ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ તેમજ LRD જવાનોની આંતરિક બદલીનો મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. પોલીસ અધિક્ષક સુશીલ અગ્રવાલે 279 પોલીસ કર્મચારીઓના બદલીના હુકમો જાહેર કર્યા છે.

બદલીના આદેશ મુજબ કેટલાક કર્મચારીઓને વિવિધ એજન્સીમાંથી પોલીસ સ્ટેશન, ટ્રાફિક શાખા, કંટ્રોલ રૂમ, રિઝર્વ અને અન્ય વિભાગોમાં ફરજ સોંપવામાં આવી છે. બીજી તરફ ટ્રાફિક, LIB, કંટ્રોલ રૂમ અને રિઝર્વમાં ફરજ બજાવતા કેટલાક કર્મચારીઓને પોલીસ સ્ટેશન અને તપાસ એજન્સીમાં મુકવામાં આવતા તેઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

આંતરિક બદલીના આ નિર્ણય બાદ પોલીસ વિભાગમાં કહીં ખુશી... કહી ગમ જેવી સ્થિતિ સર્જાઈ છે. કેટલાક કર્મચારીઓ નવી જવાબદારીને આવકારી રહ્યા છે તો કેટલાક પોતાની પસંદગીની જગ્યાએથી હટાવાતા અસંતોષ વ્યક્ત કરી રહ્યા છે.

પોલીસ અધિક્ષક દ્વારા મોટા પાયે બદલીઓનો દોર શરૂ થતાં હવે આગામી દિવસોમાં અન્ય કર્મચારીઓ અને અધિકારીઓના પણ બદલીના આદેશો આવી શકે તેવી ચર્ચા પોલીસ બેડામાં જોરશોરથી ચાલી રહી છે. જેના કારણે સમગ્ર વિભાગમાં ઉત્સુકતા સાથે ફફડાટનો માહોલ જોવા મળી રહ્યો છે.

---

# સેવાસી તળાવમાંથી બે દિવસથી ગુમ યુવકનો મૃતદેહ મળી આવ્યું

**38 વર્ષીય** રમેશ સોલંકી માનસિક અસ્વસ્થતાની સારવાર હેઠળ હતા

**પોસ્ટમોર્ટમ** બાદ મોતનું કારણ સ્પષ્ટ થશે, પોલીસે તમામ દિશામાં તપાસ શરૂ કરી

પ્રતિનિધિ) વડોદરા, તા. 1

વડોદરા નજીક સેવાસી ગામના હનુમાનજી મંદિર પાસે આવેલા તળાવમાંથી બે દિવસથી ગુમ થયેલા 38 વર્ષીય રમેશભાઈ મંગળભાઈ સોલંકીનો મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. સ્થાનિકોએ તળાવમાં મૃતદેહ તરતો જોઈ ફાયર બ્રિગેડ અને તાલુકા પોલીસને જાણ કરી હતી. ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી મૃતદેહ બહાર કાઢી પોલીસને સોંપ્યો હતો.

પોલીસ તપાસમાં મૃતકની ઓળખ સેવાસી ગામના આમલીવાળા ફળિયામાં રહેતા રમેશભાઈ સોલંકી તરીકે થઈ હતી. પરિવારજનો છેલ્લા બે દિવસથી તેમની શોધખોળ કરી રહ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ રમેશભાઈ છેલ્લા બે વર્ષથી માનસિક અસ્વસ્થતાની સારવાર હેઠળ હતા અને મોટાભાગે ઘરે જ રહેતા હતા.

તેઓ તળાવ સુધી કેવી રીતે પહોંચ્યા અને પાણીમાં કેવી રીતે પડ્યા તે અંગે હાલ કોઈ સ્પષ્ટ માહિતી મળી નથી. તાલુકા પોલીસે અકસ્માત, આત્મહત્યા અથવા અન્ય કોઈ કારણ સહિત તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને તપાસ શરૂ કરી છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ગોત્રી હોસ્પિટલ મોકલવામાં આવ્યો છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ મોતનું ચોક્કસ કારણ સામે આવશે.

આ ઘટનાથી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. રમેશભાઈ પાછળ પત્ની અને ત્રણ સંતાનો છે. તાલુકા પોલીસ સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી રહી છે.

---

## ઝડપી કાર્યવાહી, ટીમવર્ક અને સતર્કતાના કારણે અનિચ્છનીય ઘટના ટળી

# રમતા રમતા ગુમ થયેલા ૪ બાળકોને અટલાદરા પોલીસે ગણતરીના કલાકોમાં શોધી કાઢ્યા

**ખિસકોલી** સર્કલ વિસ્તારમાંથી ગુમ થયેલા ૩થી ૭ વર્ષની ઉંમરના બાળકો માંજલપુર રેલવે ફાટક નજીક સલામત મળી આવ્યા

**પરિવારજનોમાં** રાહત, પોલીસની કામગીરીને મળ્યા વખાણ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 30:

અટલાદરા પોલીસ સ્ટેશનની સતર્કતા, ઝડપી કાર્યવાહી અને અસરકારક ટીમવર્કના કારણે ખિસકોલી સર્કલ વિસ્તારમાંથી રમતા રમતા ગુમ થયેલા ચાર માસૂમ બાળકોને ગણતરીના કલાકોમાં જ સલામત શોધી કાઢી તેમના પરિવારજનોને સહીસલામત પરત સોંપવામાં આવ્યા હતા. બાળકો મળી આવતા ચિંતામાં ગરકાવ થયેલા પરિવારજનોને મોટી રાહત મળી હતી, જ્યારે સ્થાનિક રહિશો અને વિસ્તારના આગેવાનોએ પોલીસની કામગીરીને બિરદાવી હતી.

મળતી માહિતી મુજબ અટલાદરા વિસ્તારમાં રહેતા 3, 4, 5 અને 7 વર્ષની ઉંમરના ચાર બાળકો રમતા રમતા પરિવારથી વિખૂટા પડી ગયા હતા. બાળકો અચાનક નજરે ન ચડતા પરિવારજનો ગભરાઈ ગયા હતા અને તાત્કાલિક પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરવામાં આવી હતી. માહિતી મળતા જ અટલાદરા પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને સ્ટાફે કોઈ સમય ગુમાવ્યા વિના અલગ-અલગ ટીમો બનાવી ખિસકોલી સર્કલ સહિત આસપાસના વિસ્તારોમાં સઘન શોધખોળ શરૂ કરી હતી.

શોધ દરમિયાન ચારેય બાળકો માંજલપુર રેલવે ફાટક નજીક બિનવારસી હાલતમાં ફરતા જોવા મળ્યા હતા. પોલીસ કર્મચારીઓએ તેમને સુરક્ષિત કબજામાં લઈ અટલાદરા પોલીસ સ્ટેશન પહોંચાડ્યા હતા. ત્યારબાદ પરિવારજનોને બોલાવી બાળકોની ઓળખ કરાવવામાં આવી હતી અને જરૂરી કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ ચારેય બાળકોને તેમના વાલીઓના હવાલે કરવામાં આવ્યા હતા.

સમયસર અને સંવેદનશીલ પોલીસ કાર્યવાહીના કારણે કોઈ અનિચ્છનીય ઘટના બનતા પહેલાં જ બાળકો સુરક્ષિત મળી આવતા પરિવારજનોમાં આનંદ અને રાહતની લાગણી પ્રસરી ગઈ હતી. સમગ્ર ઘટનામાં અટલાદરા પોલીસની માનવતાભરી કામગીરી, સતર્કતા અને ઝડપી પ્રતિસાદને સ્થાનિકોએ પ્રશંસનીય ગણાવી પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો. આવી કામગીરી પોલીસ અને પ્રજાના વિશ્વાસને વધુ મજબૂત બનાવે છે.

---

# તૂટેલા ગટરના ઢાંકણાથી કપુરાઈના રહીશોને અકસ્માતના ભય સાથે રોષ



**ભ્રષ્ટાચારના** આક્ષેપ વચ્ચે અધિકારીઓ-કોન્ટ્રાક્ટરોની તપાસની માંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 1

ચોમાસાની શરૂઆત સાથે વડોદરા શહેરમાં અનેક સ્થળોએ તૂટેલા ગટરના ઢાંકણાં નાગરિકો માટે જોખમરૂપ બન્યા છે. કપૂરાઈ મુખ્ય માર્ગ સહિત વિવિધ વિસ્તારોમાં ખુલ્લી ગટરો વરસાદી પાણીમાં ઢંકાઈ જતાં અકસ્માતની ભીતિ વધી છે. સ્થાનિકોએ તંત્ર દ્વારા કાર્યવાહી ન થતાં પોતાની રીતે જ ચેતવણીરૂપ અવરોધ ઉભા કર્યા છે.

સામાજિક કાર્યકર પંકજ દર્વેએ મહાનગરપાલિકાના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સામે ગટરના ઢાંકણાંની ગુણવત્તા અને કામગીરીમાં ગેરરીતિના આક્ષેપો કરી સમગ્ર મામલાની ઉચ્ચ સ્તરીય તપાસની માંગ કરી છે. તેમના જણાવ્યા મુજબ દર વર્ષે લાખો રૂપિયાનો ખર્ચ છતાં વારંવાર ઢાંકણાં તૂટી જતાં કામગીરીની ગુણવત્તા સામે પ્રશ્નો ઉભા થયા છે. સ્થાનિકોનું કહેવું છે કે ભૂતકાળમાં પણ ખુલ્લી ગટરમાં પડી જવાથી જીવલેણ અકસ્માત બન્યા છે. તેમ છતાં તંત્ર દ્વારા પૂરતી તકેદારી લેવામાં આવતી નથી. નાગરિકોએ તાત્કાલિક તૂટેલા ઢાંકણાં બદલવા અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

---

## કચરાના ઢગલા અને ચોકઅપ ડ્રેનેજથી રોગચાળાનો ભય

# ખિસકોલી સર્કલની વસાહતમાં ગંદકીનું સામ્રાજ્ય, રહીશોમાં ભારે આક્રોષ

**વારંવાર** રજૂઆત છતાં કાર્યવાહી નહીં, તાત્કાલિક સફાઈની માંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 1

સ્માર્ટ સિટી વડોદરાના ખિસકોલી સર્કલ વિસ્તારમાં આવેલી ગુલાબી બ્લોક નં. 76 વસાહતમાં સફાઈ વ્યવસ્થા ખોરવાતા સ્થાનિક રહીશોમાં ભારે રોષ ફેલાયો છે. વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી કચરાના મોટા ઢગલા પડ્યા હોવાથી ગંદકીનું સામ્રાજ્ય સર્જાયું છે. દુર્ગંધ અને અસ્વચ્છ વાતાવરણને કારણે રોગચાળો ફાટી નીકળવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ સમસ્યા માત્ર કચરાના નિકાલ પૂરતી મર્યાદિત નથી. ડ્રેનેજ લાઈનોની નિયમિત સફાઈ ન થવાને કારણે ગટર અવારનવાર ચોકઅપ થઈ જાય છે અને ગંદુ પાણી રસ્તાઓ તેમજ રહેણાંક વિસ્તારની આસપાસ ભરાઈ રહે છે. રહીશોએ આક્ષેપ કર્યો છે કે વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નં. 12ના અધિકારીઓ અને સફાઈ કર્મચારીઓ દ્વારા વિસ્તારની સતત અવગણના કરવામાં આવી રહી છે. સમયસર કચરો ઉપાડવામાં આવતો નથી અને ડ્રેનેજની સફાઈ પણ યોગ્ય રીતે થતી નથી.



ગંદકી અને મચ્છરોના વધતા ઉપદ્રવથી ખાસ કરીને બાળકો અને વૃદ્ધોના સ્વાસ્થ્ય સામે જોખમ ઊભું થયું છે. સ્થાનિકોનું કહેવું છે કે અનેક રજૂઆતો છતાં તંત્ર તરફથી કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. કંટાળેલા રહીશોએ હવે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવાની તૈયારી દર્શાવી છે અને તાત્કાલિક કચરો દૂર કરી ડ્રેનેજ લાઈનોની સંપૂર્ણ સફાઈ કરાવી વિસ્તારને સ્વચ્છ બનાવવાની માંગ કરી છે.